# પ્રેસ નોટ
# વિજ્ઞાન મેળો - ૨૦૨૪

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આગામી **૧૬ અને ૧૭ ઓગષ્ટ, ૨૦૨૪** ના રોજ **"વિજ્ઞાન મેળા"**નું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરની શાળાના વિદ્યાર્થીઓ સંશોધનાત્મક વિચારો સહિતના પ્રોજેકટસ સાથે વિજ્ઞાન મેળામાં ભાગ લઈ શકે છે. **"વિજ્ઞાન મેળા"ની થીમ "વિકસીત ભારત માટેની સ્વદેશી તકનીકો" (Indigenous Technologies for *Viksit Bharat*)** રાખવામાં આવેલ છે. નીચે જણાવેલ વિષયોને અનુલક્ષીને પ્રોજેકટ તૈયાર કરવાના રહેશે.

(ક) માનવજાતના ઉત્થાન માટેની સ્વદેશી તકનીકો -
**Indigenous Technologies to improve Human Life**

(ખ) કૃષિ માટેની સ્વદેશી તકનીકો -
**Indigenous Technologies for Agriculture**

(ગ) પુનઃઉપયોગી ઊર્જાસ્ત્રોતો માટેની સ્વદેશી તકનીકો -
**Indigenous Technologies for Renewable Energy Sources**

(ઘ) આરોગ્ય સંભાળના નવીનીકરણ માટેની સ્વદેશી તકનીકો -
**Indigenous Technologies for Healthcare Innovations**

(ઇ) લુપ્ત થતી કળાને પુનઃજાગૃત કરવા માટેની સ્વદેશી તકનીકો -
**Indigenous Technologies for Revival of Indigenous Crafts**

વિજ્ઞાન મેળાના બે ગ્રુપ રહેશે:

ગ્રુપ એ: ધોરણ ૮,૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ

ગ્રુપ બી: ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રત્યેક પ્રોજેકટમાં ઓછામાં ઓછા ૨ (બે) અને વધુમાં વધુ ૪ (ચાર) વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. પ્રોજેકટ તૈયાર કરવાનો ખર્ચ જે તે શાળાએ ભોગવવાનો રહેશે. વિજ્ઞાન મેળામાં ભાગ લેવા માટેનું રજીસ્ટ્રેશન ફોર્મ સાયન્સ સેન્ટર સુરત ખાતેથી તેમજ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ પરથી વિના મૂલ્યે મેળવી શકાશે. ફોર્મ ભરી ઓનલાઈન તથા સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૦૧/૦૮/૨૦૨૪ સુધી મોકલવાના રહેશે. વધુ માહિતી માટે sciencecentre@suratmunicipal.org / divyesh_gameti@hotmail.com પર ઇ-મેઇલ કરી શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં.
તા. - ૦૬- ૨૦૨૪